# વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમ અંતર્ગત ભાજપા દ્વારા રાજ્યના તમામ ૫૮૦ મંડલોમાં 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમ યોજાયો

## શક્તિપીઠ બહુચરાજી મંદિર ખાતે દર્શન-પૂજન કરી સર્વે નાગરિકોની સુખ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

### મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે સ્થાનિક કાર્યકર્તાઓ સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૩૨ મો એપિસોડ નિહાળી ટિફિન બેઠક યોજતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના ૧૩૨ માં એપિસોડ અન્વયે આ વખતે ગુજરાત ભાજપા દ્વારા રાજ્યના તમામ ૫૮૦ મંડલોમાં 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અન્વયે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કર્ણાવતી મહાનગરના થલતેજ વોર્ડ ખાતે તથા પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી આણંદ તાલુકાના ઉમરેઠ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત થયા હતાં. રાજ્યસરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ સહિત ભાજપા આગેવાનો અને અગ્રણીઓ સંગઠનની યોજના અનુસાર નિયત સ્થાનોએ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર રાજ્યના બુથસ્તર સુધીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

બેચરાજી પધારેલા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શક્તિપીઠ બહુચરાજી મંદિર ખાતે દર્શન-પૂજન કરી સર્વે નાગરિકોની સુખ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી તેમજ મંદિરમાં ચાલી રહેલ કાર્યનું અવલોકન કર્યુ હતું. શ્રી વલ્લભ ભટ્ટ ની વાવ ખાતે તેઓએ કાર્યકર્તાઓ સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૩૨ મો એપિસોડ નિહાળ્યો હતો.



પ્રત્યેક બુથના પ્રત્યેક ઘર સુધી જનસંપર્કને વધુ સુદ્રઢ અને પ્રભાવી બનાવવા અંગે વિગતવાર માર્ગદર્શન આપતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

આ પ્રસંગે કાર્યકર્તાઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, આ વખતે મંડલ સ્તરે 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમનું વિશિષ્ટ રીતે આયોજન કરવામાં આવ્યું છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને પ્રત્યેક બુથના પ્રત્યેક ઘર સુધી જનસંપર્કને વધુ સુદ્રઢ અને પ્રભાવી બનાવવા અંગે તેઓએ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કહ્યું કે, દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા 'મન કી બાત' કાર્યક્રમમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા દેશવાસીઓ સાથે હૃદયથી સંવાદ સાધી પ્રેરક વિચારો રજૂ કરે છે. દેશના સામાન્ય નાગરિકો, મહિલા શક્તિ, યુવાનો, ખેડૂત અને વિશિષ્ટ કાર્ય કરનારા નાગરિકોની સફળતાની ગાથા રજૂ કરીને તેઓ સમાજમાં આત્મવિશ્વાસ, દેશપ્રેમ અને સેવા ભાવનાને મજબૂત બનાવે છે.

તેઓ ખેતી, શિક્ષણ, સ્ટાર્ટઅપ, સ્વદેશી ઉદ્યોગો, વિજ્ઞાન-ટેક્નોલોજી, રમતગમત, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, પર્યાવરણ સંરક્ષણ, જીવનશૈલી, મહિલા સશક્તિકરણ જેવા વિવિધ ક્ષેત્રો અંગે ચર્ચા કરે છે જે હંમેશા પ્રેરણા આપે છે. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સ્થાનિક મંડલના કાર્યકર્તાઓ સાથે ટિફિન બેઠક યોજી સૌની સાથે ભોજન કરી કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો.

### જનસંઘના વરિષ્ઠ આગેવાનશ્રીઓ ખાતે આત્મીય મુલાકાત કરી સંવાદ કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

જનસંઘના વરિષ્ઠ આગેવાનશ્રીઓ ખાતે તેઓએ આત્મીય મુલાકાત કરી સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે પ્રદેશના પૂર્વ મહામંત્રી અને રાજ્ય સરકારના પૂર્વ મંત્રીશ્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્ય સુખાજી ઠાકોર સહિત સ્થાનિક અગ્રણીઓ અને આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કર્ણાવતી મહાનગરના થલતેજ વોર્ડ ખાતે સ્થિત એચ. બી. કાપડિયા સ્કુલ ખાતે ઉપસ્થિત રહી સ્થાનિક કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો હતો અને કાર્યકર્તાઓ સાથે ટિફિન ભોજન કરી સહજ સંવાદ કર્યો હતો. તેઓએ પેટ્રોલ ડીઝલ અંગે અફવાઓથી દૂર રહેવા જણાવ્યું હતું અને કહ્યુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં કેન્દ્રસરકાર અને સાથે જ રાજ્ય સરકાર આ બાબતે સતત મોનીટરીંગ કરી રહી છે અને રાજ્ય કે દેશમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછતની પરિસ્થિતિ નથી. આ પ્રસંગે પ્રદેશ ભાજપના મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલ સહિત સ્થાનિક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી આણંદ જિલ્લાના ઉમરેઠ ખાતે ભાવિક ફાર્મ, માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે ઉપસ્થિત રહી 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમમાં સહભાગી થયા હતા અને કાર્યકર્તાઓ સાથે ભોજન લઈ વિવિધ સંગઠનાત્મક વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યના તમામ ૫૮૦ મંડલોમાં આયોજિત 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમ અંતર્ગત પ્રદેશ ભાજપાની યોજના અનુસાર દરેક સ્થળે એક આગેવાનશ્રી વક્તા તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં અને સંગઠનાત્મક વિષયો અને ભાજપા સરકારની કામગીરી અંગે સૌ કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો.

# PNG સેવાઓના વિસ્તરણ અને શહેરી વિસ્તારોમાં આવશ્યક સેવાઓની જાળવણી પર રાઉન્ડટેબલ બેઠક

## રાઉન્ડટેબલ દરમિયાન ૫૦ લાખ નવા PNG કનેક્શન પૂરા પાડવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક પણ હાઈલાઈટ કરવામાં આવ્યો હતો



કમલમ્,

શહેરી ભારતમાં પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) નેટવર્ક વિસ્તરણને વેગ આપવા અને આવશ્યક સેવાઓની અવિરત ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે મુખ્ય હિતધારકોને એકસાથે લાવવા માટે આજે વિજ્ઞાન ભવન ખાતે "પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) સેવાઓનું વિસ્તરણ અને આવશ્યક સેવાઓની જાળવણી" પર એક રાઉન્ડટેબલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આવાસ અને શહેરી બાબતો (MoHUA), પેટ્રોલિયમ અને કુદરતી ગેસ (MoPNG), અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ (MoCAFPD) મંત્રાલયોના માનનીય કેન્દ્રીય મંત્રીઓ, ભારત સરકારના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ, માનનીય રાજ્ય મંત્રીઓ, શહેરી વિકાસ અને ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્ય સચિવો, મ્યુનિસિપલ કમિશનરો, GAIL અને ઈન્ડિયન ઓઈલના CMD અને સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્તર પ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા અને ઓડિશા સહિતના અનેક રાજ્યોના માનનીય મંત્રીઓએ રૂબરૂ ભાગ લીધો હતો, જ્યારે તેલંગાણા, કર્ણાટક અને રાજસ્થાનના પ્રતિનિધિઓ રાઉન્ડટેબલ સત્રમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. સચિવ, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે વધતી જતી શહેરી ઉર્જા માંગ પર પ્રકાશ પાડ્યો હતો અને સ્વચ્છ ઉર્જાની પહોંચના વિસ્તરણની સાથે કાર્યક્ષમ સેવા વિતરણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા એક વિગતવાર પ્રેઝન્ટેશનમાં PNG રોલઆઉટની વર્તમાન સ્થિતિની રૂપરેખા આપવામાં આવી હતી, જેમાં સુરક્ષા, વિશ્વસનીયતા, પરવડે તેવી ક્ષમતા અને પર્યાવરણીય સ્થિરતાના સંદર્ભમાં LPG કરતા તેના ફાયદાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ઓળખાયેલા મુખ્ય પડકારોમાં મ્યુનિસિપલ પરવાનગીઓમાં વિલંબ, રાઈટ ઓફ વે (RoW) મંજૂરીઓ અને ઉચ્ચ રિસ્ટોરેશન ચાર્જનો સમાવેશ થાય છે, જે સમયસર નેટવર્ક વિસ્તરણમાં અવરોધ ઊભો કરવાનું ચાલુ રાખે છે. માનનીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી શ્રી મનોહર લાલે આર્થિક વૃદ્ધિના એન્જિન તરીકે શહેરોની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને PNG વિસ્તરણને વેગ આપવા માટે મિશન-મોડ અમલીકરણ માટે આહવાન કર્યું હતું. તેમણે સિંગલ-વિન્ડો મંજૂરીઓના સંસ્થાકીયકરણ, શહેરી આયોજનમાં PNG ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું એકીકરણ, લાસ્ટ-માઈલ કનેક્ટિવિટીની સુવિધા અને ચાલુ શહેરી વિકાસ પહેલો સાથે સંકલન સહિતની મુખ્ય પ્રાથમિકતાઓની રૂપરેખા આપી હતી. ૫૦ લાખ નવા PNG કનેક્શન પૂરા પાડવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક પણ હાઈલાઈટ કરવામાં આવ્યો હતો. સભાને સંબોધતા, માનનીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી શ્રી હરદીપ સિંહ પુરીએ બદલાતા વૈશ્વિક ઉર્જા લેન્ડસ્કેપ પર પ્રકાશ પાડ્યો હતો અને ઉર્જા સુરક્ષા અને સ્થિતિસ્થાપકતા વધારવા માટે PNG ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યો અને શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs) ને સક્રિયપણે PNG અપનાવવા પ્રોત્સાહન આપવા પ્રોત્સાહિત કર્યા હતા, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલેથી જ ઉપલબ્ધ છે. માનનીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પ્રહલાદ જોશીએ અવિરત આવશ્યક પુરવઠો જાળવવા, ખોટી માહિતીને રોકવા અને ઈંધણના કાળાબજાર અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે રાજ્યોને દેખરેખ અને તકેદારી મિકેનિઝમ્સ મજબૂત કરવા અને જ્યાં પણ શક્ય હોય ત્યાં ગ્રાહકોને LPG થી PNG તરફ વળવા પ્રોત્સાહિત કરવાની સલાહ આપી હતી, જેમાં શાળાઓ અને કોલેજો જેવી જાહેર સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવી હતી. રાઉન્ડટેબલ દરમિયાનની ચર્ચાઓમાં પ્રોજેક્ટના અમલીકરણમાં ઝડપ લાવવા માટે રોડ-કટિંગની પરવાનગીઓને ફાસ્ટ-ટ્રેક કરવા અને 'ડીમ્ડ એપ્રુવલ' (સ્વીકૃત મંજૂરી) મિકેનિઝમ અપનાવવા સહિતની અનેક શ્રેષ્ઠ પદ્ધતિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જોકે, ઉચ્ચ RoW શુલ્ક અને પ્રક્રિયાગત વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સહભાગીઓએ આવા શુલ્કના તર્કસંગતકરણ અથવા કામચલાઉ માફી અને સિંગલ-વિન્ડો, સમયબદ્ધ ક્લિયરન્સ સિસ્ટમ્સ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાજ્યના પ્રતિનિધિઓએ તેમના અનુભવો શેર કર્યા હતા અને સીમલેસ અમલીકરણ માટે શહેરી વિકાસ વિભાગો, મ્યુનિસિપલ સંસ્થાઓ અને ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગો વચ્ચે ઉન્નત સંકલનના મહત્વ પર ભાર મૂક્યો હતો. અસ્તિત્વમાં રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરવાળા વિસ્તારોમાં LPG થી PNG માં તબક્કાવાર અને માળખાગત સંક્રમણની સુવિધા માટે વ્યાપક સર્વસંમતિ હતી, જે પર્યાપ્ત ગ્રાહક જાગૃતિ અને આવશ્યક સેવાઓના વિક્ષેપને રોકવા માટેના સુરક્ષા પગલાં દ્વારા સમર્થિત હતી. રાજ્યો અને ULBs મંજૂરી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા, RoW શુલ્કને તર્કસંગત બનાવવા અને અસરકારક સંકલન માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવા સંમત થયા હતા. CGD સંસ્થાઓ અને મ્યુનિસિપલ કમિશનરોએ ઓપરેશનલ પડકારોને ઉકેલવા અને સેવા વિતરણ વધારવા માટે નજીકના સહયોગની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. રાઉન્ડટેબલ મીટિંગ પછી, CGD સંસ્થાઓ અને મ્યુનિસિપલ કમિશનરો વચ્ચે બ્રેક-આઉટ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું જે શહેર-વિશિષ્ટ મુદ્દાઓ, મુખ્ય અવરોધો અને બાકી મંજૂરીઓને ઓળખવા પર કેન્દ્રિત હતું. PNG નેટવર્ક વિસ્તરણમાં જવાબદારી અને સમયસર પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે નિર્ધારિત સમયરેખા સાથે માળખાગત કાર્ય યોજના અપનાવવા, સ્થાનિક ટાસ્ક ટીમો સ્થાપવા અને નિયમિત દેખરેખ અને સમીક્ષા મિકેનિઝમ્સ અમલમાં મૂકવા માટે સંમતિ સાધવામાં આવી હતી.

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં સુરત ખાતે દક્ષિણ ઝોનના પદાધિકારીઓની બેઠક યોજાઇ



કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં સુરત ખાતે દક્ષિણ ઝોનના પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ.પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજક શ્રી ગોરધનભાઈ ઝડફીયા તથા દક્ષિણ ઝોનના વિવિધ જિલ્લા-મહાનગરના સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આજની આ બેઠકમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે વિગતવાર માર્ગદર્શન આપી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મજબૂત અને સુનિયોજિત સંગઠન વ્યવસ્થા સાથે બુથ સ્તર સુધી, પ્રત્યેક ઘર સુધી ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાહિતની કામગીરી તેમજ સ્થાનિક ચુંટાયેલી પાંખ દ્વારા કરાયેલા કાર્યોની માહિતી પંહોચાડવા આહ્વાન કર્યુ હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ.પ્રશાંતભાઈ કોરાટ અને પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજક શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ પ્રાસંગિક ઉદ્બોધન કરી કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતું.

# વડોદરા ખાતે ભાજપા પ્રદેશ અદયક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અદયક્ષાતામાં મદય ઝોનના પદાધિકારીઓની બેઠક યોજાઇ



**પ્રત્યેક બુથ પર માઇક્રોપ્લાનિંગ દ્વારા મજબૂત અને સુદ્રઢ સંગઠન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**

કમલમ્,

વડોદરા ખાતે આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં મધ્ય ઝોનના પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિના સંયોજકશ્રી ગોરધનભાઈ ઝડફીયા, પ્રદેશ ચુંટણી સંચાલન સમિતિના સદસ્યશ્રી જસવંતસિંહ ભાભોર તથા મધ્ય ઝોનના વિવિધ જિલ્લા અને મહાનગરના ભાજપા સંગઠનના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, આગેવાનો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ઉપસ્થિત સર્વે કાર્યકર્તાઓને સતત સંપર્ક, સંવાદ તેમજ પ્રવાસ દ્વારા ભાજપાની સરકાર અને સંગઠનની દેશહિત અને જનહિતની કામગીરી તેમજ ભાજપાની અંત્યોદય, વિકાસ અને રાષ્ટ્રવાદની વિચારધારા છેવાડાના નાગરિક સુધી પંહોંચાડવા હાકલ કરી હતી. તેઓએ બુથના કાર્યકર્તાને ભાજપાની સૌથી મોટી તાકાત ગણાવી હતી. પ્રત્યેક બુથ પર માઈક્રોપ્લાનિંગ દ્વારા મજબૂત અને સુદ્રઢ સંગઠન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વિવિધ વિષયો અંગે તેઓએ માર્ગદર્શન આપ્યું હતું. શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ ચુંટણી વ્યવસ્થા સંદર્ભે વિવિધ પાસાઓ અંગે છણાવટ કરી હતી.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની ઉજવણી: સફાઈ કર્મચારીઓનું ઓરલ કેન્સર સ્ક્રીનિંગ કરાયું

કમલમ્,

GMERS મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના ડેન્ટિસ્ટ્રી વિભાગ દ્વારા ૨૦ માર્ચ ૨૦૨૬ થી ૧૯ એપ્રિલ ૨૦૨૬ સુધી એક મહિના માટે 'વર્લ્ડ ઓરલ હેલ્થ મંથ'ની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે હોસ્પિટલના તમામ સફાઈ કર્મચારીઓ માટે ઓરલ સ્ક્રીનિંગ, કેન્સર અવેરનેસ પ્રોગ્રામ અને તમાકુ છોડવા માટેના કાઉન્સિલિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ડેન્ટલ વિભાગના સભ્યો દ્વારા ભજવવામાં આવેલ એક લઘુ નાટક હતું, જેમાં તમાકુના સેવનની હાનિકારક અસરો, તમાકુ મુક્તિનું મહત્વ અને મુખના કેન્સરથી બચવાના ઉપાયો સચોટ રીતે દર્શાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડેન્ટલ વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. પ્રિયંકા સુતરીયા તેમજ સહ-પ્રાધ્યાપક ડૉ. સુજય શાહ દ્વારા કર્મચારીઓનું ઓરલ કેન્સર સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સાથે જ સાઈક્યાટ્રીક વિભાગ દ્વારા તમાકુની લત છોડવા માટે મેન્ટલ હેલ્થનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અને તમામ કર્મચારીઓએ મોંઢાનું કેન્સર અટકાવવા માટેના શપથ પણ લીધા હતા. નોંધનીય છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ડેન્ટલ ઓ.પી.ડી.માં દર મહિને અંદાજે ૧૨૦૦ થી ૧૪૦૦ જેટલા દર્દીઓ (દૈનિક ૫૦-૬૦ દર્દીઓ) સારવાર મેળવે છે. આ આખો મહિનો ચાલનાર પ્રોગ્રામમાં 'સ્વસ્થ મુખ થી ખુશહાલ જીવન'ના જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ડેન્ટલ વિભાગને ફુગ્ગા અને સેલ્ફી બુથથી વિશેષ રીતે શણગારવામાં આવ્યો છે, જેનો મુખ્ય મંત્ર "A HAPPY MOUTH IS A HAPPY LIFE" છે. આ સમગ્ર આયોજન મેડિકલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. મીતા પરિખ અને ડીન ડૉ. અંકુર ઝાલાવાડીયાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું છે.





# વિકસિત ભારત વિકસિત ગુજરાત





## સેમિકન્ડક્ટર મિશન



- ધોલેરા અને સાણંદ ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના નકશામાં ગુજરાતને મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકન્ડક્ટર પોલિસી** હેઠળ **₹1100 કરોડની** જોગવાઈ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઈ

## શહેરી વિકાસ



- અમદાવાદ બનશે **'ઓલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઇટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રૂપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઈ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે

## ગ્રામીણ વિકાસ



- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની** બહેનોને ઉત્પાદનોના વેચાણ માટે **કાયમી સ્થળ** મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે

"સ્માર્ટ સિટીથી લઇને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિક ટેક્નોલોજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028